

# લગ્ન પહેલાં લગ્ન દરમિયાન અને લગ્ન બાદના રીત રિવાજ તથા માતાજીની જેતી ની રીત :-

હીરાણી કુટુંબોએ વંશ પરંપરાગત ચાલ્યા આવતા લગ્ન પ્રસંગના અને અન્ય વ્યવહારીક રીત રિવાજ સમય અને સ્થળને અનુસરીને ફેરફાર સાથે ચાલુ રાખેલ છે. રિવાજો તથા વિધિ નીચે પ્રમાણે છે.

## પાતાળેશ્વર મહાદેવને ચઢાવવાનાં વડાં માતર :

પુત્ર અથવા પુત્રી ના લગ્ન પહેલાં ગમે ત્યારે, મહીનાના શુદ પક્ષ માં શનિવારે, પાલણપુર ના પાતાળેશ્વર મહાદેવ ને માતર તથા વડાં ચઢાવવાનો રીવાજ છે. એક બે અથવા ચાર બાળકો માટે સાથે (ત્રણ બાળકો માટે સાથે નહીં) કરી શકાય છે. પહેલાં બાળક (પુત્ર અથવા પુત્રી) માટે સવા કિલો ઘીની માતર તથા અઢી કિલો કાળા અળદના લોટનાં વડાં કરવાનાં હોય છે. બીજા બાળકો માટે ઉપર લખેલ થી અર્ધા વજનનાં વડાં અને માતર થાય છે. કેટલાક કુટુંબમાં બધા બાળકો માટે ઉપર લખ્યા પ્રમાણે સરખા વજનનાં વડાં-માતર કરે છે. જે દિવસે વડાં-માતર બનાવીએ તે જ દિવસે પાતાળેશ્વર ચઢાવી દેવા અને ત્યાર બાદ ત્યાં બધા વડાં-માતર પુરાં કરે છે. કેટલાક કુટુંબો આગળના દિવસે પણ વડાં માતર બનાવી રાખે છે.

## વડાં બનાવવા માટે સાધન તથા સામગ્રી :

કડાઈ, ૨.૫ કિલો કાળા અડદનો લોટ, ૧ કિલો તલનું તેલ, મીઠું, અજમો.

**વડાં બનાવવાની રીત :**

અડદના લોટમાં ૫૦ ગ્રામ અજમો, અને જરૂર પ્રમાણે મીઠું નાખી, કઠણ લોટ પલાળવો, પાણી લઈ વડાં થેપીને બનાવવાં, તેલ કડાઈમાં ગરમ કરી મધ્યમ તાપે તળવાં.

**માતર બનાવવાની સામગ્રી :**

૨ કિલો ઘઉંનો લોટ, ૧.૨૫૦ કિલો ઘી, ૨ કિલો ગોળ.

**સાધન તથા બનાવવાની રીત :**

બળેવની જેતી માટે લખેલ છે, તે પ્રમાણે.

**પાતાળેશ્વર મહાદેવ ને વડાં - માતર ચઢાવવાની વિધિ :**

જે બાળકો માટે વડાં-માતર કર્યા હોય, તેમને નવા કપડા પહેરાવી ગળામાં ફૂલનો હાર પહેરાવી મહાદેવના દર્શન કરવા લઈ જવા. ત્યાં બધાંજ વડાં-માતર તથા વડાં તળતા વધેલું તેલ અને થોડા પિત્તળ પાનાં લઈ જવાં. મહાદેવને વડાં-માતર ચઢાવી બાળકોને પગે લગાડવા. હનુમાનજીને પિત્તળ પાનાં અને તેલ ચઢાવી દેવું. વડાં-માતર બધાંજ ત્યાં ખાઈ - ખવરાવી પુરાં કરી નાખવાં. વધ્યાં હોય તો સગાંસબંધીને ત્યાં મોકલી આપવાં. ઘેર પાછા લઈ જવાય નહીં.

પાલણપુરની બહાર રહેતા કુટુંબો કોઈપણ શીવ મંદિરમાં જ્યાં હનુમાન મૂર્તિ હોય ત્યાં વડાં-માતર અને તેલ ચઢાવે છે.

**માણ માટલું :**

જૈન અને હિંદુ ધર્મ પાળનાર દરેકને ત્યાં લગ્નના પ્રસંગે મા-માટલું પૂજા કરવાનો રિવાજ છે. ઘણા લોકે

તેને મા નું અને માતાનું માટલું તરીકે ઓળખે છે. પૂજા ઉપરાંત તેનો પ્રતિકાત્મક અર્થ એવો પણ કરવામાં આવે છે કે દીકરી અથવા વહુએ માટલાના મોટાપેટની જેમ ઘરની અંગત વાતો (પેટમાં) મનમાં રાખવી જેથી ઘરની આબરૂ જળવાઈ રહે. સમયની સાથે મા માટલું શબ્દ અપભ્રંશ થઈ ને માહ્ય માટલું થયું હોવાની શક્યતા છે. હીરાણી કુટુંબમા પણ લગ્ન પ્રસંગે મા માટલું અથવા માહ્ય માટલું મુકવાનો રિવાજ ચાલુ છે.

**માહ્ય માટલું લાવવાની રીત :**

૧ પહોળા મોઢાનું માટલું, ૧ કોડીયું, ૭ થી ૧૭ કોડીયાં, ૫ વરઘડીયાં (નાનાં માટલાં) કુંભાર ને ત્યાંથી લાવવાં અથવા મંગાવવા, આ બધી સામગ્રી ઘરમાં પ્રવેશે તે પહેલાં બારણામાં તેને વધાવવી, એટલે કે માહ્ય માટલાં અને વરઘડીયાં ને નાડા છડી બાંધી ચાંલ્લા કરવા, કોડીયાને પણ ચાંલ્લા કરવા અને નક્કી કરેલ જગ્યાએ માહ્ય માટલાની સ્થાપના કરવી. મુંબઈમાં માહ્ય માટલું લગ્નની વાડીએ લઈ જઈ ત્યાંજ ફઈ પાસે ભરાવે છે. કેટલાક કુટુંબો ૭ થી ૧૭ કોડીયાંને બદલે તેટલી જ સ્ટેનલેસ સ્ટીલ ની ડબ્બીઓ લાવે છે.

**માહ્ય માટેની સામગ્રી :**

પાંચ કિલો ચોખા, એક શ્રીફળ, એક સુતરની આંટી, ૧૭ ખારેક, ૧૭ કમળકાકડી, સવા રુપિયો.

**માહ્ય માટે સાધન :**

કંકુ, કંકાવટી, ચાળણી, મંગળીખો અથવા ઇંઢોણી

**માહ્ય ભરવાની રીત :**

લગ્નના દિવસે, લગ્નની વિધિ પહેલા ફઈ પાસે માહ્ય ભરાવવી. માહ્ય માટલાને ઇંઢોણી અથવા મંગળીખા

ઉપર મુકવું (ચાળણી પણ ચાલે) માહ્ય માટલાની અંદર પહેલું શ્રીફળ મુકવું, ત્યાર બાદ અનુક્રમે ૧૭ કમળકાકડી, ૧૭ ખારેક, સુતરની આંટી મુકવી પછી ચોખા મુકવા તેનાં ઉપર કોડીયામાં બે વાટ મુકી કોડીયું મુકવું અને તે ચાળણીથી ઢાંકી દેવું. વરકન્યા માહ્યરામાં બેસે તે પહેલાં કોડીયામાં પૂરતું ઘી નાખી દીવો પ્રગટાવી માહ્ય માટલામાં મુકી ચાળણી ઢાંકી દેવી, દીકરો-વહુ અથવા દીકરી-જમાઈ લગ્ન વિધિ બાદ ઘેર માહ્યને પગે લાગી જેતી કરે ત્યાં સુધી દીવો પ્રગટેલો રહેવો જોઈએ. (જેતી ની રીત તથા સામગ્રી નીચે લખેલ છે.) દીવો રામ થઈ જાય પછી ભરેલું માહ્ય માટલું ફઈ ને ત્યાં મોકલી આપવું. ફઈ તેમાંની ચીજો પોતાના ઘરવપરાશ માટે રાખે છે, અને માહ્ય માટલું પોતાના ઘેર લગભગ છ મહીના સાચવીને રાખે તેવી પ્રથા છે. માહ્ય માટલું ફઈને ત્યાં આપવા જાય તેને ફઈ એક શ્રીફળ આપે છે.

દીકરાના લગ્ન પ્રસંગે પરણનાર દીકરા તથા તેની પત્નિ બન્ને એ લગ્નના ચોથા ફેરા પછી જ્યાં સુધી જેતી ન થાય ત્યાં સુધી ચૌવિહાર રાખવાના હોય છે. જેતી કર્યા બાદ પગે લાગી ચૌવિહાર છોડવા. દીકરી ના લગ્નમાં ફક્ત દીકરીએ ચૌવિહાર રાખવા. જમાઈએ ચૌવિહાર રાખવાનો રિવાજ નથી.

આ જેતી લાપસી અથવા મીઠાઈ (મોતીચુરથી) થાય છે.

# લગ્નની જેતી

**પૂજા માટે સાધન સામગ્રી :**

અખાત્રીજ ની જેતી માટે લખેલ તે પ્રમાણે

**લાપસી બનાવવા માટે સાધન :**

કડાઈ અથવા તપેલું, તાવીતો, મોટી ગળણી.

## લાપસી બનાવવા માટે સામગ્રી :

૫૦૦ ગ્રામ ઘી, ૮૦૦ ગ્રામ લાપસી માટેનું ઘઉંનું ભરડું, ૬૦૦ ગ્રામ ગોળ.

## લાપસી બનાવવાની રીત :

બે લીટર પાણી ઉકાળવું, ગોળ ઓગળી જાય તેટલું પાણી નાખી ગોળ ઉકાળવો. ભરડું ધીમા તાપે શેકવું તેમાં ઉકાળેલું પાણી નાખવું. ભરડું સીઝી જાય ત્યારે ગોળનું ગરમ પાણી ગળણીથી ગાળીને ભરડામાં નાખવું અને પાણી બળી જાય ત્યાં સુધી બરાબર હલાવવું, જેથી ઘી ઉપર આવશે અને લાપસી તૈયાર થશે.

## મિઠાઈ (મોતીચુર) :

લગ્નના ૨-૩ દિવસ પહેલા ૩ કિલો ચણાના આટાનો મોતીચુર બનાવવો, તે લગભગ ૧૧ કિલો બનશે અથવા ૧૧ કિલો મોતીચુર બજારમાંથી લાવવો.

## સરામ ભરવાની રીત :

લગ્ન વિધિ પૂરી થયા બાદ દીકરો અથવા દીકરી સજોડે માઠ્ઠાને પગે લાગવા આવે ત્યારે પ્રથમ સરામ ભરવાના હોય છે માઠ્ઠા માટલા પાસે બેસી ૭ થી ૧૭ કોડીયામાં અથવા સ્ટીલની ડબ્બીમાં લાપસી, મોતીચુર, ૧ ખારેક, અને કોપરાની શેષ મુકાવવી.

## જેતી કરવાની રીત :

સરામ તૈયાર કરાવ્યા પછી માઠ્ઠા માટલા પાસે જેતી માટે પાટલો મુકાવી અને અખાત્રીજની જેતીમાં લખેલ વિધિ પ્રમાણે દીકરા અથવા દીકરી પાસે જેતી કરાવવી (વહુ અથવા જમાઈ જેતીમાં સાથે બેસે) જેતીમાં

લાપસી અને મોતીચુર ના પાંચ ભાગ ચડાવવા. શ્રીફળ (લગ્ન કરવા જતી વખતે શેષ ભરાવી જે શ્રીફળ હાથમાં આપ્યું હોય તે) વધેરવું, અને તૈયાર કરેલ સરામ માઢ્ઢા માટલા પાસે મુકાવવા, જેતી થઈ ગયા બાદ જેતી કરનાર દીકરો વહુ અથવા દીકરી જમાઈ જઈ શકે અને દીકરા દીકરી એ રાજેલ ચૌવિહાર છોડીને ખાઈ શકે. એક સરામ કુંવાસીને ત્યાં મોકલવું. જેતી કુંવાસીને ચખાડવી. એક સરામ ઘરમાં રાખવું બાકીના સરામ કુટુંબીઓને ત્યાં મોકલી આપવા.

## ફાગણેશ્વર ની મિઠાઈ:

પાલણપુરથી અંબાજી જતા રસ્તા ઉપર ત્રણ કિલોમીટર વીરપૂર ગામે મણિભદ્ર વીરનું સ્થાન છે. તે ફાગણેશ્વર તરીકે જાણીતું છે. (હાલ ત્યાં રામક્રિષ્ણ મીશન સંપ્રદાયવાળાઓએ મંદિર અને આશ્રમ બનાવ્યો છે). દીકરાના લગ્ન પ્રસંગે ફાગણેશ્વર ને મિઠાઈ (મોતીચુર) બનાવી ચઢાવવાની હોય છે. ત્રણ કિલો ચણાના આટાનો લગભગ ૧૧ કિલો મોતીચુર થાય અથવા તેટલી મિઠાઈ (મોતીચુર અથવા બુંદિના લાડુ) બજારમાંથી તૈયાર લાવવા. તેમજ કાળા અડદનો એક રોટલો કરવો તે તથા મિઠાઈ અને પુજાનો સામાન લઈ લગ્નના બીજા દિવસે સવારના દીકરો કંઈ પણ ખાધા પીધા વીના ખુલ્લા પગે વાળંદ (હજામ) સાથે -બીજા કુટુંબીઓ અને મિત્રો સાથે ફાગણેશ્વર જઈ ત્યાં મિઠાઈ તથા કાળા અડદ નો રોટલો ચઢાવી જેતી કરે છે. ત્યાં થી ઘેર આવે ત્યાર બાદ દીકરો વહુ દાતણ કરી ચા - પાણી કરે છે. મુંબઈ માં લગ્ન હોય તો માઢ્ઢાને પગે લાગવા દીકરો વહુ આવે ત્યારે મિઠાઈના પાંચ ટૂકડા (ફાગણેશ્વરના નામથી) ચઢાવી દે છે.

## છઠ્ઠી જાગરણ :-

દીકરાના લગ્નની રાત્રીએ છઠ્ઠી જાગરણની પ્રથા છે, હવે મુંબઈમાં બીજા દિવસે જ આ વિધિ કરે છે, કુટુંબનો સ્ત્રી વર્ગ રાતના બાર વાગ્યા સુધી અને ફરીવાર પ્રભાતમાં માતાજી ના ગીત ગાય છે, (માતાજીના ગીત પાનું નં. ૩૮ થી ૪૦) કેટલાક કુટુંબો બન્ને વખતે દહીંથરાની પ્રભાવના કરે છે, છઠ્ઠી જાગરણને દિવસે કાળા અડદ નો રોટલો, દહીં - મિઠાઈ અને પાનથી જેતી કરવાની હોય છે.

## અડદ નો રોટલો બનાવવા માટે ની સાધન - સામગ્રી :

મોટી તાવડી, ૨.૫ કિલો કાળા - અડદ નો લોટ, મીઠું, અજમો, તલનું તેલ.

## કાળા અડદનો રોટલો બનાવવાની રીત :

કાળા અડદના લોટમાં અજમો તથા મીઠું પ્રમાણસર નાખી થેપી શકાય તેવો પલાળવો. મોટી તાવડીમાં નીચે તલનું તેલ લગાડી લોટ થેપીને રોટલો બનાવવો, ઉપરથી જરૂર પ્રમાણે તેલ નાખવું, રોટલો બરોબર થઈ જાય (થોડો કડક સારો લાગે) એટલે તાવડી સગડી પરથી ઉતારી તાવડીમાં સાચવીને રોટલો રાખવો.

## પૂજા માટે સાધન - સામગ્રી :

પૂજા માટે સાધન - સામગ્રી અખાત્રીજની જેતીમાં લખ્યા પ્રમાણે તદુપરાંત અડદનો રોટલો, ૨ કિલો, મિઠાઈ, ૧૬ મોટા દોઠાં અને ૧૬ પાન. (દોઠાં, દિવાળી ની જેતી માં લખેલ છે તે પ્રમાણે બનાવવાં)

## જેતી કરવાની રીત :

અખાત્રીજ ની જેતી માટે લખેલ વિધિપ્રમાણે પૂજન કરવું ત્યારબાદ ચાર થાળીમાં જેતી માટે તૈયાર કરેલ અડદના રોટલા માંથી થોડો થોડો ભાગ અને અંદાજે અર્ધો કિલો મીઠાઈ, ૪ દોઠાં, અને ૪ પાન દરેક થાળીમાં મુકવા. એક થાળીમાં થી માતાજીને દરેક વસ્તુ ચઢાવવી આ રીતે આ જેતી પૂરી થાય છે. બાકીની ત્રણ થાળી ભાઈ અથવા કુટુંબીજનોને ત્યાં મોકલી આપવી.

## ઢાળ :

હીરાણી કુટુંબોમાં લગ્ન નિમીત્તે એક દીકરાના લગ્ન પ્રસંગે ઢાળ કરવાનો રિવાજ છે. ઢાળમાં દરેક હીરાણી કુટુંબના ઘેર એક કિલો મિઠાઈ અથવા વાસણ આપવાનો રિવાજ છે. આ પ્રથા મરજીઆત છે.

# સિમંત - અઘરણી :

હીરાણી કુટુંબની કુળવધૂ ગર્ભવતી છે, એમ જાણ થાય ત્યારથી પાંચમે મહીને માતાજીની રાખડી નણંદ બાંધે ત્યાં સુધી વાળ ધોવા નહી એવો રિવાજ છે. દરેક કુટુંબ આ રિવાજનું ચૂસ્તપણે પાલન કરે છે.

## માતાજીની રાખડી :

ગર્ભવતી સ્ત્રીને પાંચમો મહીનો બેસે ત્યારે માતાજીની રાખડી શુભ મુહૂર્તમાં નણંદ પાસે બંધાવવી. આ રાખડી નણંદ સ્વહસ્તે બનાવે છે.

## રાખડી બનાવવાની સામગ્રી :

અગીયાર ઈંચ લાંબી નાડાછડી, વીંધેલી કોડી, લોઢાની વીંટી અથવા કડી, ૧.૫'' X ૧.૫'' નો લીલા રંગનો કપડાનો ટૂકડો, ચાર રસ્તાની ચપટીક ધૂળ, ૧ ચણોઠી, સોનાનું બોર (મરજીઆત).

## રાખડી બનાવવાની રીત :

વીંધેલી કોડી નાડાછડીમાં પરોવી ગાંઠ મારવી. લીલા રંગના કપડામાં ચાર રસ્તાની ધૂળ, ચણોઠી મુકી પોટલી બનાવવી. પોટલીને કોડીવાળી નાડાછડીથી બાંધી દેવી. તે નાડાછડી માં લોખંડની વીંટી પરોવી ગાંઠ મારવી. (કેટલાક કુટુંબો આ ઉપરાંત સોનાનું બોર પણ બાંધે છે) નાડાછડીના બન્ને છેડા બે ઈંચ બાકી રાખી બન્ને બાજુ એ પાંચથી સાત ગાંઠ મારવી.

## સિમંત માં રાખડી બાંધવાની રીત અને વિધિ :

સિમંત વિધિ કરવા પહેલાં વાળ ધોવા, વાળ ધોવા માટે છાશમાં એક ચમચી કેટોલનો પાવડર (બજારમાં મળે છે) મેળવી ગરમ કરી મિશ્રણ બનાવવું તેને ખેળ કહેવાય છે. તેમાં ચપટી કંકુ મેળવવું, શુકનમાં ખેળ થી માથું ધોવું, (કેટલાક પછીથી શેમ્પુ-સાબુ વાપરે છે) વાળ ઓળવા નહીં, કાંસકો ફેરવવો નહીં. પાટલા ની સ્થાપના કરી માતાજીનો દીવો કરવો. સ્નાનાદી બાદ પાનેતર (લગ્ન સમયે પહેરેલા કપડા) પહેરી બાજોઠ ઉપર બેસવું. કંકુનો ચાંલ્લો, ચોખા લગાવી, તૈયાર કરેલી રાખડી કાંડા અથવા બાવડા ઉપર નણંદ પાસે બંધાવવી. ત્યારબાદ બે હાથમાં ગજરા, અને ગળામાં ફુલોનો હાર પહેરાવી, શીરો અથવા ગોળ ચખાડવો અને નણંદ ને ઈચ્છા મુજબ ભેટ આપવી (નણંદ ગર્ભવતી હોય તે નણંદ પાસે રાખડી બંધાવવી નહી). સ્થાપના કરેલ માતાજીને તથા વડીલોને પગે લાગી આશીર્વાદ લેવા.

## સુવાવડ પ્રસુતિ :

હીરાણી મહેતાની કુળવધૂની સુવાવડ વખતે રાખડી (જે સિમંત વખતે હાથે બાંધી હોય તે) પલંગના પાયાને (માથા તરફ નો જમણી બાજુનો પાયો) બાંધવી. સુવાવડ પૂરી (૩૦ દિવસ પછી) થયા બાદ આ રાખડી દરિયામાં કે કુવામાં પધરાવવી (સોનાનું બોર બાંધ્યું હોય તો કાઢી લેવું). દીવો કરી માતાજીનું સ્મરણ કરી પગે લાગી શ્રીફળ વધેરીને ચઢાવવું બાળકને મરૂન રંગનું ઝભલું અને ગળામાં ચાંદીનું અગાસિયું કાળી દોરીમાં બાંધી પહેરાવવું.

ચાંદીનું અગાસિયું ૨૫ પૈસાની સાઈઝનું અને તેમાં વચ્ચે મોરનું ચિત્ર હોય છે. ઉપરાંત તેની બન્ને બાજુ નાની ટોકરીઓ હોય છે. (બજાર માં તૈયાર મળે છે). દીકરાને પહેરાવેલ અગાસિયું જ્યારે કાઢીએ ત્યારે પંચાશરના દેરાસરમાં મુકવાનો રિવાજ હતો. હવે બધા ઘેર રાખે છે.

દીકરીની સુવાવડ પોતાને ત્યાં કરવાની માતાજીની મનાઈ છે, એવી માન્યતા પ્રર્વતે છે. તેમ છતાં સમય અને સ્થાનને અનુસરીને કેટલાક કુટુંબોએ એમાં ફેરફાર કર્યા છે. તેઓ દીકરીની સુવાવડ ઘેર કરાવે તો દરેક ખર્ચ દીકરીના સાસરા પક્ષ પાસેથી અથવા હીરાણી સિવાયના બીજા સગાવ્હાલા પાસેથી લઈ લે છે, એટલે કે દીકરીની સુવાવડનો ખર્ચ પોતે કરતા નથી.

હીરાણી મહેતા કુટુંબોએ કોઈને ત્યાં (સગાં કે મિત્રો) બાળક અવતર્યું હોય, તે બાળક ૪૦ દિવસનું થાય નહિ ત્યાં સુધી, કોઈને ચીજ વસ્તું, ભેટ સોગાદ, પૈસા વગૈરે આપવા નહીં, એવી માતાજી ની આજ્ઞા છે. બધા કુંટુબો ચુસ્ત પણે તેનું પાલન કરે છે.

## ગોતરજ - ઝારણું:

દીકરો છ માસ નો થાય ત્યારે ગોતરજ ઝારવાનો રિવાજ છે. તે લાપસી અને ગુવારના રાયતાથી કરવાનું હોય છે.

### ગુવારનું રાયતું બનાવવાની રીત:

૫૦ ગ્રામ સુકી અથવા લીલી ગુવાર પાણીમાં બાફી વધારાનું પાણી કાઢી નાખવું અને ૭૦૦ ગ્રામ દહીંની જાડી છાશ બનાવી તેમાં બાફેલી ગુવાર નાખી, એક ચમચો ઘઉંનો લોટ પાણીમાં પલાળી છાશમાં નાખીને હલાવવો. તે મિશ્રણ ગરમ કરવું અને કઢી જેવું થાય એટલે ઉતારી લેવું. તેમાં જરૂરત પ્રમાણે મીઠું અને રાઈ જીરૂં વાટી ને નાખવા.

**લાપસી :**

૬૦૦ ગ્રામ (સવા શેર) ઘીની લાપસી કરવી. લગ્નની જેતીમાં લખેલ છે તે પ્રમાણે લાપસી બનાવવી.

**પૂજા કરવાની રીત :**

પાણીયારા ઉપર ઘીનો દીવો પ્રગટાવી લાપસી અને રાયતાની શેષ ચઢાવવી. મા-દીકરાએ દીવાને પગે લાગવું. કંકુનો ચાંલ્લો કરવો ચોખા લગાવવા. દીકરાને નવું ઝભલું અને ગળામાં ફૂલનો હાર પહેરાવવો.

## વાળ ઉતરાવવા :-

હીરાણી કુટુંબોમાં બાળકના (દીકરો અને દીકરી) વાળ ઉતરાવવાનો પ્રસંગ ખૂબજ ઉમંગથી લગ્નની જેમ ઉજવવામાં આવે છે. બાળક માટે ઝભલું અથવા ડ્રેસ બાળકના મોસાળથી આવે છે. બાળક છ માસનું થાય પછી વાળ ઉતરાવવાની પ્રથા છે.

હીરાણી કુટુંબમાં જ્યારે લગ્ન હોય ત્યારે પરણનાર દીકરા અથવા દીકરીના નમણાનું પાણી લાવી, તેનાંથી વાળ ઉતરાવવાના હોય છે. (પાલણપુરમાં જે હીરાણીને ત્યા લગ્ન હોય તેને ત્યાંજ બાળકને લઈ જઈને વાળ ઉતરાવતા) આ પ્રસંગે પણ માહ્ય ભરવાનો રિવાજ છે.

**માહ્ય લાવવાની ભરવાની રીત અને સામગ્રી :-**

એક મોટા મોઢાનું માટલું અને પાંચ વરઘડીયાં મંગાવવા. લાવવાની અને ભરવાની રીત લગ્ન વિભાગમાં લખેલ છે, તે વિધિસર કુંવાસી પાસે ભરાવવી.

## વાળ ઉતરાવવાની વિધિ :

બાળકને બાજઠ ઉપર બેસાડવું. પાંચ વરઘડીયામાં એક એક ખારેક મુકી, એક વરઘડીયો બાળકના હાથમાં આપવો અને બાકીના ચાર નાની બાળકીઓને આપવા. આ બાળકીઓ વરઘડીયા ફેરવે અને બાળક ના વાળમાં તેલ સંચેરે અને કાંસકો ફેરવે. ત્યાર બાદ વાળંદના હાથે ચાંદીનું કડું અથવા તોડી પહેરાવી, નમણાનું પાણી વાપરી, પ્રથમ વાળ કાતરથી કાપી, બાદ અસ્ત્રાથી વાળ ઉતારવા. વાળ ઉતરી ગયા બાદ બાળકને માફકસર ગરમ પાણીથી અથવા જેળથી નવરાવી મોસાળથી આવેલ કપડાં પહેરાવી, ફરીવાર બાજઠ ઉપર બેસાડી કંકુનો ચાંલ્લો કરી, ચોખા લગાડી, ફૂલનો હાર પહેરાવી, હાથમાં રૂપિયા આપવા. વાળંદને યોગ્ય પૈસા આપવા. (વાળંદના હાથમાં થી કડું અથવા તોડી કાઢી લેવાં) ત્યાર બાદ બાળક ને સાથે બેસાડી મિઠાઈ (મોતીચુર) થી જેતી કરવી. ત્રણ કિલો ચણાના આટાનો લગભગ ૧૧ કિલો મોતીચૂર થાય છે. અથવા ૧૧ કિલો મોતીચુર બજારમાંથી લાવવો.

## જેતી માટેના-સામગ્રી અને રીત :

અખાત્રીજની જેતી માટે લખેલ પ્રમાણેની સાધન-સામગ્રી અને જેતી પણ તેમાં લખેલ વિધિસર કરવી. (રોટલી ને બદલે) મોતીચુરથી જેતી કરવી. નજીકના કુટુંબજનો ને ત્યાં અર્ધો કિલો મોતીચુર મોકલવાની પ્રથા છે.

**મા તા જી ની આ ર તી**

માતા લીપ્યાને ગુંપ્યા મારા આંગણાં
માતા પગલીનો પાડનાર આપો...માતાજીની આરતી
માતા ઝભલાંને ટોપીઓ મારે અતિ ઘણાં
માતા ઝભલાંનો પહેરનાર આપો...માતાજીની આરતી
માતા ઘોડિયાં પારણીયાં મારે અતિ ઘણાં
માતા ઘોડિયાંનો પોઢનાર આપો..માતાજીની આરતી
માતા ધોળા ને વિછળ્યા મારા લુગડા
માતા ખોળાનો ખુંદનાર આપો..માતાજીની આરતી
માતા રમકડાં ટાચકડાં મારે અતિ ઘણાં
માતા રમકડાંનો રમનાર આપો..માતાજીની આરતી
માતા ગાયો ને ભેંસો મારી અતિ ઘણી
માતા માખણનો માંગનાર આપો..માતાજીની આરતી
માતા પાટી ને પેનો અતિ ઘણી
માતા નિશાળે ભણનાર આપો..માતાજીની આરતી
માતા ઢોલિયા પોઢણિયા મારે અતિ ઘણાં
માતા સેજમાં પોઢનાર આપો..માતાજીની આરતી
માતા કુટુંબી પિત્રાઈ મારે અતિ ઘણાં
માતા કુળને ઉજાળનાર આપો..માતાજીની આરતી

## દીવડો અખંડ માને મંદિર

મારી સોનાની સુંદર દીવડી રે લોલ
મારી રૂપા જડેલ એની કોરજો
દીવડો અખંડ માને મંદિર રે લોલ
હું તો પુજન કરૂ બહુ પ્રીતથી રે લોલ
હું તો ફૂલડે વધાવું મારી માત જો
દીવડો અખંડ માને મંદિર રે લોલ
હું તો આરતી ઉતારૂં અતિ પ્રેમથી રે લોલ
કરૂં જગથી દીપક કેરી માળ જો
દીવડો અખંડ માને મંદિર રે લોલ
હું તો માંગુ આશિષ માતા એટલી રે લોલ
તમે દેજો હૃદયમાં સ્થાન જો
દીવડો અખંડ માને મંદિર રે લોલ

## મા મારો ચુડી ને ચાંદલો


અમર તું રાખજે મા,
મા મારો ચુડીને ચાંદલો
બીજું કાંઈ જોઈએ ના
મા મારો ચુડી ને ચાંદલો
માડી સોહાગણ શું માંગે
લળી લળી પાય તને લાગે
એવા વર આપજો મા
મા મારો ચુડી ને ચાંદલો
જીવનભર સ્વામિના શરણે
નાચું પણ સ્વામિના ચરણે
આશા એ પૂરજો મા
મા મારો ચુડી ને ચાંદલો

## માગું હું આટલું

પાયે પડી માને ચરણ નમી આજ
માંગુ હું આટલું (૨)
સાસરીયું દે જે એક નાનકડા શહેરમાં
સાસુ ને સસરા નવા વિચારના
આટલું તું અમને દેજે હો મા
માંગુ હું આટલું (૨)
હું તો હીરા-મોતીની ભૂખી નથી
સંતોષી ઘરબાર દેજે હો મા
માંગુ હું આટલુ (૨)
સ્વામિ દેજે સુલક્ષણો ને સોહામણો
અમને નિભાવનાર દેજે
માંગુ હું આટલું (૨)

## રમજો રમજો રે જોગણિયું

ઘોર અંધારી રે રાતલડીમાં નિસર્યા ચાર અસવાર
પહેલે ઘોડે રે કોણ ચઢ્યું મા અંબાનો અસવાર
અંબા માવડી રે રણે ચઢ્યા, મા સોળ સજી શણગાર
રમજો રમજો રે જોગણિયું તમે રમજો સારી રાત
સવા મણનું સુખડલું મા અધમણની કુલેર
જમજો જમજોરે જોગણિયું તમે જમજો સારી પેર
બીજે ઘોડે રે કોણ ચઢ્યું મા હીરાણીનો અસવાર
હીરાણી માવડી રે રણે ચઢ્યા, મા સોળ સજી શણગાર
રમજો રમજો...
ત્રીજે ઘોડે રે કોણ ચઢ્યું મા ઓશિયાનો અસવાર
ઓશિયા માવડી રે રણે ચઢ્યા, મા સોળ સજી
શણગાર
રમજો રમજો...
ચોથે ઘોડે રે કોણ ચઢ્યું મા બહુચરાનો અસવાર
બહુચરા માવડી રે રણે ચઢ્યા મા સોળ સજી શણગાર
રમજો રમજો...



જયંત પ્રિન્ટરી, મુંબઇ-૨. ફોનઃ ૨૦૫૨૯૮૨-૨૦૫૦૧૯૩